ગાંધીનગર સમાચાર

તા. ૨-૬-૨૦૧૪, સોમવાર

## તંત્રી સ્થાનેથી....

### બદાયૂં દુષ્કર્મ કાંડ : હેવાનિયતની પરાકાષ્ઠા

દિલ્હીના બહુચર્ચિત નિર્ભયા દામિની સામૂહિક દુષ્કર્મ કાંડ પછી હચમચી ઊઠેલા કેન્દ્ર સરકારે બળાત્કારના ગુનેગારોને વહેલામાં વહેલી તકે ફાંસી સુધીની કડકમાં કડક સજા ફરમાવવાની જોગવાઇ સાથે પ્રવર્તમાન કાનૂનમાં ફેરફાર કર્યા પછી આ પ્રકારની ગુનાખોરીનું પ્રમાણ ઘટી જશે, એવી અપેક્ષા કાલાન્તરે ખોટી ઠરી છે. દિલ્હી જેવી જ સામૂહિક બળાત્કારની ઘટનાઓ મુંબઇમાં પણ બની, જે ઘણી ચર્ચાસ્પદ બની. ચૂંટણીમાં દરેક રાજકીય પક્ષે આવી જઘન્ય ઘટનાઓ સામે લાલ આંખ પણ કરી, એનો રાજકીય ફાયદો મેળવવા સ્થાનિક શાસનતંત્ર સામે ભાંડણલીલા પણ આચરી પરંતુ અંતે પુરૂષના મનની આ પરંપરાગત વિકૃતિ એક યા બીજા સ્વરૂપે એનું પોત પ્રકાશતી જ રહી છે. ઉત્તરપ્રદેશના બદાયૂંમાં બનેલી દારૂણ ઘટના આ તમામના માથે આડો આંક વાળી દે એ બરની છે. અહીં રક્ષક જ ભક્ષક બન્યા છે. બે લીલછોઇ જોબનવંતી સગીરાઓને પોલીસની જ હવસનો ભોગ બનવું પડ્યું, અને મુદ્દામાલ કે પુરાવાનો નાશ કરવાના ઇરાદે ક્રૂર હવસખોરોએ બેઉ યુવતીઓને મારી નાખીને ઝાડની ડાળીએ ટીંગાડી દીધી. ઉત્તરપ્રદેશમાં બળાત્કાર જેવી ઘટનાઓની નવાઇ નથી. એથી સ્તો સમાજવાપીદ પક્ષના સુપ્રીમો મુલાયમસિંહ યાદવે ચૂંટણી પ્રચાર દરમિયાન બળાત્કારીને ફાંસી આપતા કાયદાને હળવો બનાવવાની રજૂઆત કરી હતી. એમણે જે તર્ક રજૂ કર્યો હતો તેમાં આંશિક તથ્ય જરૂર લાગે, ઊછળતું લોહી પ્રેમના આવેશ અને આવેગમાં 'ભૂલ' કરી બેસે અને પછી બળાત્કારની ફરિયાદ થાય, તેમાં ફાંસી જેવી કઠોર સજા જરા વધારે પડતી જ લાગે. પરંતુ સમાજવાદી પક્ષની જ રાજય સરકારના મુખ્યમંત્રીના પિતાશ્રીની આવી ઉદારવાદી રજૂઆતનો કેવો ભયંકર પ્રત્યાઘાત સાંપડી શકે એનું વરવું દૃષ્ટાંત બદાયૂં દુષ્કર્મ કાંડ છે. એની વ્યાપક અસરો પણ થવા પામી છે. મુખ્યમંત્રી અખિલેશ યાદવે કરેલી માતબર વળતરની ઓફર ફગાવી દઇ. મરનાર - ભોગ બનનાર બાળાઓને ન્યાય મળે એવી માગણી કરાઇ છે. બહુજન સમાજ પાર્ટીનાં અધ્યક્ષા માયાવતીએ તો આ મુદ્દે અખિલેશ સરકારને તાત્કાલિક બરતરફ કરી રાષ્ટ્રપતિશાસન લાદવાની માગણી કરી છે.


કોંગ્રેસ ઉપપ્રમુખ રાહુલ ગાંધી અને મહિલા કોંગ્રેસ પ્રમુખની મુલાકાત બાદ સીબીઆઇ તપાસની માંગ ઊઠી છે. એ મુદ્દે પ્રદેશ ભાજપે આંદોલન છેડ્યું છે. છેક યુનોના સેક્રેટરી જનરલ બાન-કી-મૂન દ્વારા આ જઘન્ય કાંડની નોંધ લેવાઇ છે. આ મુદ્દે શરૂ થયેલ રાજકીય કાવાદાવાને કારણે ઉત્તરપ્રદેશની અખિલેશ સરકારની માઠી દશા બેઠી છે. ઉત્તરપ્રદેશ સરકારે ગુનેગાર પોલીસ કોન્સ્ટેબલોને પકડ્યા છે અને બરતરફ પણ કર્યાં છે, છતાં જો પીડિત પરિવારો ઇચ્છે તો સીબીઆઇ તપાસ આપવાની પણ તૈયારી દર્શાવી છે. તપાસ સીબીઆઇ કરે કે રાજયની એજન્સી - એથી મરનારનો જીવ પાછો આવવાનો નથી અને આવી ઘટનાઓનો સિલસિલો અટકવાનો નથી. આવા વિકૃત માનસ ધરાવતા લોકો આપણી આસપાસ જ હરતાફરતાં હોય છે. ગુનેગારોના માથે શિંગડાં નથી હોતા કે એમને ભોગ બનનારી ગભરુ બાળા પારખી શકે. ત્યારે આવી વિકૃત માનસિકતા બદલવા માટે જે વ્યાપક લોકશિક્ષણ, સંસ્કાર-સિંચન અને ગુનાખોરી અટકાવવા જરૂરી કાર્યવાહી કરવા જોગ લાગે તેનું પદ્ધતિસર આયોજન કરવું એ સમયની માંગ છે. મોદી સરકાર આ મુદ્દે કોઇ પ્રો-એક્ટિવ પગલાં ભરશે એવી અપેક્ષા અસ્થાને નથી.



(તસવીર : કશ્યપ નિમાવત)

આજે રવિવારની રજા હોવા છતાં કડી કેમ્પસ ખાતે હાઈકોર્ટની જૂનીયર ક્લાર્કની ભરતી માટેની પરીક્ષામાં ભારે ઘસારો જોવા મળ્યો હતો.

## હરિની દૃષ્ટિ...




તારણ એ છે કે.., કે, ગાંધીનગરવાસી ૫ થી ૪૫ ડીગ્રી વચ્ચે મરી જતા નથી...!!

# બાળકોને પુસ્તકિય કીડા નહિ પણ ખુલ્લા ગગનમાં વિહરતા પંખી જેવા બનાવવા જોઈએ

## ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા યોજવામાં આવેલ બાર દિવસીય બાલોત્સવનો સમાપન સમારોહ નાથીબા હોલમાં યોજાયો

ગાંધીનગર, તા. ૧

બાળકોને પુસ્તકની દુનિયામાંથી બહાર લાવવા અને તેમની શક્તિઓને ખિલવતો બાલોત્સવ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા યોજવામાં આવ્યો હતો. બાર દિવસીય બાલોત્સવનો સમાપન સમારોહ આજે નાથીબા કોલેજના હોલમાં યોજવામાં આવ્યો હતો. બાળકોએ શિખેલી પોતાની કૃતિઓ રજૂ કરી ઉપસ્થિત મહાનુભાવોને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

ગાંધીનગરમાં આવેલ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા બાળકોના કૌશલ્યોને વિકસાવવાનું કાર્ય કરવામાં આવે છે. બાળકોમાં રહેલી શક્તિઓ બહાર આવે અને બાળક પોતાની ઉજળી કારકિર્દી બનાવે તે માટે યુનિવર્સિટી દ્વારા ગાંધીનગરમાં ગત તા. ૨૧ થી બાલોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બાલોત્સવમાં રાજ્યના ૩૫૦ વિદ્યાર્થીઓ જોડાયા હતા અને બાર દિવસ સુધી વિવિધ કૃતિઓની તાલીમ મેળવી હતી.

સેક્ટર-૨૩ કડી સંકુલમાં આવેલ નાથીબા કોલેજના હોલમાં બાલોત્સવનું સમાપન યોજવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય અતિથિ તરીકે ખ્યાતનામ કલાકાર શ્રીમતી સ્વરૂપ સંપત રાવલ, અગ્ર સચિવ સંગીતા સિંઘ, સચિવશ્રી ભાગ્યેશ જહા, કુલપતિ હર્ષદ શાહ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે શ્રીમતી સ્વરૂપ સંપત રાવલે જણાવ્યું હતું કે યુનિવર્સિટી દ્વારા ખુબ જ સારૂ કાર્ય કરવામાં આવે છે. જે બાળકો કલા પ્રત્યે લગાવ રાખે છે. તેમનો જ ઈતિહાસ રચાય છે.






યુવાનો સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગના સચિવશ્રી ભાગ્યેશ જહાએ જણાવ્યું હતું કે ઈંગ્લિશ મિડિયમનું ઘેલુ આપણી સંસ્કૃતિને વારસાને ખતમ કરી નાખશે. બાળકોને માતૃભાષાનું શિક્ષણ આપવું જોઈએ. આપણી ભાતીગળ સંસ્કૃતિ જળવાઈ રહે તે માટે આવા કાર્યક્રમમાં સહયોગ આપવો જોઈએ અને બાળકોને પુસ્તકીય કીડા ન બનાવવા જોઈએ.

બાલોત્સવમાં બાળકોએ પોતાના બાર દિવસના સંસ્મરણો વાગોળ્યા હતા. બાળકોએ જે વસ્તુને ક્યારેય અનુભવી ન હતી. તેવી વસ્તુઓનું જાત નિરીક્ષણ કરી અભિભૂત થઈ ગયા હતા. જેમાં આંદામાન નિકોબારની જેલ, અવનવા પક્ષીઓ અને પ્રાણીઓ જોઈ ખુશખુશાલ થઈ ગયા હતા. કાર્યક્રમમાં બાલીકાઓ દ્વારા માતાજીની આરાધના કરતો ગરબો માડી આવ્યો છે નોરતાના દા'ડા આજ જીરે... રજુ કરી કૃતિઓ રજુ કરી હતી. બાળકોએ રાજ્યના તરણેતરના મેળાની યાદ અપાવતો હુડો રાસ રજુ કર્યો હતો. આ બાળકોએ સતત પંદર મિનિટ સુધી રાસ રજુ કરતા તાળીઓનો વરસાદ વરસી પડ્યો હતો. તેમજ ભાવનગરના તજજ્ઞ કુલદીપ વૈદ્યએ તૈયાર કરવામાં આવેલ લોકનૃત્ય રજુ કરવામાં આવ્યું હતું. આ લોકનૃત્ય ગામડાના ખેડૂતોની દિનચર્યા પર ભજવવામાં આવ્યું હતું. જેનાથી હોલમાં બેઠેલા લોકોની ગામડાની યાદી તાજી થઈ ગઈ હતી.

ગાંધીનગરના જાણીતા નાટ્યપ્રેમી કુંતલ નિમાવત દ્વારા તૈયાર કરાયેલ નાટક કલ અંધેરા હોગાની ભારોભાર પ્રસંશા થઈ હતી. હાલમાં લોકો દ્વારા પર્યાવરણને નુકશાન કરવામાં આવી રહ્યું છે. પાણીનો દુરપયોગ અને વિજળીનો બેફામ ઉપયોગ વિનાશ નોતરશે તેનો સંદેશ આ ભૂલકાઓ દ્વારા આપવામાં આવ્યો હતો.

સમગ્ર કાર્યક્રમના પ્રેરણાસ્ત્રોત કુલપતિ હર્ષદ પ્ર. શાહ સતત વિદ્યાર્થીઓની વચ્ચે રહ્યા અને એમને જીવનના દિશાબોધ કરાવતા રહ્યા. કાર્યક્રમના મુખ્ય સંયોજક મેહુલભાઈ વ્યાસે અત્યંત કુશળતા અને સૂઝબૂઝથી સમગ્ર બાલોત્સવને શ્રેષ્ઠ વ્યવસ્થા પુરી પાડી. એમના સહ-સંયોજકો તરીકેશ્રી મુકેશભાઈ જોશી તથા શ્રી કુમનભાઈ વડાલિયા પણ ખડે પગે રહ્યા અને વિદ્યાર્થીઓની ચિંતા કરી. યુનિવર્સિટીનો સંપૂર્ણ સ્ટાફ દિવ-રાત એક કરીને અવિરત કાર્યરત રહ્યો અને બાલોત્સવને અત્યંત પ્રભાવશાળી વાતાવરમણાં સંપન્ન કર્યો. ડૉ. અમૃતભાઈ પ્રજાપતિએ બારેય દિવસ સુધી રોજ ત્રણ-ચાર કલાક પરિસરમાં હાજર રહીને બાળકોના સ્વાસ્થ્યની ચિંતા કરી. યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરીમાં સહાયક નિયામક તરીકે કાર્યરત એવા શ્રી મનોજભાઈ શુકલનો આ કાર્યક્રમના આયોજનમાં સિંહફાળો રહ્યો. આ કાર્યક્રમમાં એન્કરીંગ બાળકો દ્વારા કરવામાં આવ્યું હતું.




(તસવીર : કશ્યપ નિમાવત)



## ગાંધીનગરમાં સંકલીત બાળ સુરક્ષા યોજના વિષય પર કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧

જિલ્લા બાળ સુરક્ષા એકમ અને જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા આજે મનપાના કોન્ફરન્સ હોલમાં બાળ અધિકારો અને સંકલિત બાળ સુરક્ષા યોજના વિષય પર એક દિવસીય કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

ગાંધીનગરમાં બાળકોના અધિકારો પર આજે જિલ્લા બાળ સુરક્ષા એકમ અને જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા બાળ અધિકારો અને સંકલીત બાળ સુરક્ષા યોજના પર કાર્યક્રમ મ્યુનિસિપલ કોર્પોરેશનના પ્રથમ માળે આવેલ કોન્ફરન્સ હોલમાં યોજવામાં આવ્યો હતો. જેમાં જુવેનાઈલ જસ્ટીસ ઓફ ચિલ્ડ્રન એકટ ૨૦૦૦, બાળ મજૂર અધિનિયમ ૧૯૮૬ સંકલીત બાળ સુરક્ષા યોજના જેવા વિષય પર તજજ્ઞો દ્વારા માહિતી પુરી પાડવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ઈનચાર્જ જિલ્લા બાળ સુરક્ષા અદિકારી, કર્મચારી ગણ, લારી ગલ્લા યુનિયનના પ્રમુખો, ગાંધીનગર ઝુંપડા મંડળના પેનલ એડવોકેટ સહિત ૩૦ તાલીમાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## સરદાર સરોવર નિગમના અધિકારોના વર્તન સામે રજૂઆત

ગાંધીનગર, તા. ૧

સરદાર સરોવર નર્મદા નિગમમાં નિવૃત્ત કર્મચારીઓ, ગૃહિણીઓ, સીનીયર નાગરિકો ફીકસ ડિપોઝીટ મારફત રોકાણ કરે છે. વયોવૃદ્ધ નાગરિકો- ગૃહિણીઓને મહદ્અંશે આવકવેરો- મર્યાદિત આવક વ્યાજ હોવાથી ભરવો પડતો નથી. જે ફોમ નં. ૧૫-જી અથવા ફોર્મ-૧૬ એમ ભરે છે.

પરંતુ સક્રિય સભ્યોની ફરિયાદ ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદને મળેલ છે કે આ ફોર્મ ભરેલ હોવા છતાં ઈન્કમટેક્ષ, ટીડીએસ કાપી લીધેલ છે. જે યોગ્ય નથી કારણ કે જે વ્યક્તિઓને ઈન્કમટેક્ષ ભરવાપાત્ર ન હોય તો તેમને રીટર્ન મેળવવો ખૂબ જ મુશ્કેલ ને વિલંબ થાય છે. જે અંગેની રજૂઆત કરતાં અમદાવાદની કચેરી જેણે ટીડીએસ કાપેલ ફોર્મ મોકલેલ છે. તે કચેરીના હિન્દી ભાષી અધિકારીએ સંસ્થાના સભ્યો- ગૃહિણી- વયસ્ક નાગરિકો સાથે ઉદ્ધત ભર્યા શબ્દો - હડધૂત કરેલ છે. આપના નિગમમાં નિયત પત્રકમાં આવકવેરો ભરવાપાત્ર ન હોય તે લોકોએ ફોર્મ ભરેલ છે છતાં ટીડીએસ કાપેલ છે. તે અંગેની રજૂઆત સભ્યો અમદાવાદ કચેરીના હિન્દીભાષી અધિકારી અપમાન જનક ભાષા વયસ્ક નાગરિક સાથે વાપરે તે વખોડવા લાયક છે. યોગ્ય પગલાં ભરવાની જરૂર છે.

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદના પૂર્વ ઉપપ્રમુખ જયંતભાઈ ભટ્ટ અને પ્રમુખ લવજીભાઈ વાડીઆએ જણાવેલ છે.

## ધો-૧૦ના વિદ્યાર્થીઓ માટે માર્ગદર્શન કાર્યક્રમ

ગાંધીનગર, તા.૧

ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓના વાલીઓ માટે ખાસ માર્ગદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. ૯૧.૧ એફએમ પર ગાંધીનગર વેદ ઈન્ટરનેશનલના માર્ગદર્શક દ્વારા રવિવારે બપોરે ત્રણ કલાક પછી આ માર્ગદર્શન કાર્યક્રમ રજુ કરવામાં આવશે. જેમાં ધો-૧૦ના વિદ્યાર્થીઓના વાલીઓને મુંઝવતા પ્રશ્નો અંગે સરળ ભાષામાં માર્ગદર્શન આપવામાં આવશે. જેથી વાલીઓએ આ કાર્યક્રમ ખાસ સાંભળવા માટે વેદ ઈન્ટરનેશનલ સ્કુલના ટ્રસ્ટી દ્વારા જણાવવામાં આવ્યું છે.

## ભાષા નિયામકની કચેરી દ્વારા હિન્દી ભાષાની પરીક્ષા લેવામાં આવશે

ગાંધીનગર, તા.૧

ગુજરાત રાજય ભાષા નિયામકની કચેરી દ્વારા હિન્દી ભાષાની ઉચ્ચ શ્રેણી પરીક્ષા એપ્રિલ-મે ૧૪માં લેવાનાર હતી. જે પરીક્ષા સરકારી કોમર્સ કોલેજ સેકટર-૧૫ ખાતે આગામી તા. ૧૧ થી તા. ૧૪ જૂનના રોજ યોજાશે. આ પરીક્ષા ૧ થી ૫૦૦ બેઠક નંબર વાળા ઉમેદવારો તા. ૧૧ અને ૧૨, સવારે ૧૧-૦૦ વાગે પરીક્ષા આપશે અને બેઠક નંબર ૫૦૧ થી ૮૯૦ વાળા ઉમેદવારો તા. ૧૩ અને ૧૪ સવારે ૧૧-૦૦ વાગે પરીક્ષા આપશે. કચેરી દ્વારા પ્રવેશપત્રો ઉમેદવારોને મોકલવામાં આવ્યા છે છતાં પણ પ્રવેશપત્ર ન મળે તો બેઠક નંબર ભાષા નિયામકની કચેરી બ્લોક નં. ૬, ડૉ. જીવરાજ મહેતા ભવન ખાતેથી મેળવી લેવાના રહેશે.

## સે-૧૯માં નવંડીયજ્ઞ સંદર્ભે મિટીંગ યોજાશે

શ્રી ફુલબાઈ માતા નવરાત્રિ મંડળ દ્વારા આગામી જૂન માસમાં નવચંડી યજ્ઞ યોજવામાં આવશે. જે અંતર્ગત મંડળ દ્વારા તા. ૩ જૂન મંગળવારે રાત્રે ૮-૦૦ સે-૧ માં મિટીંગ યોજવામાં આવશે. મિટીગમાં નવચંડી યજ્ઞને કેવી રીતે સુપેરે પાર પાડવું તેની ચર્ચા વિચારણા કરવામાં આવશે. આ મિટીંગમાં સેકટર-૧૯ના વસાહતીઓને હાજર રહેવા જણાવવામાં આવ્યું છે.

# હવે સોનલ ડોમેસ્ટીક વાયોલન્સ એકટ અંતર્ગત આશીષ અને તેમના ઘરના વિરુધ્ધ કાર્યવાહી કરવા માંગે છે

### મહિલા સમાજ અને કાયદો

ડૉ. ભાવના કે. જોશીપુરા

આપણો ઘણાં સમયથી ડોમેસ્ટીક વાયોલન્સ એકટની ચર્ચા કરી રહ્યા છીએ. લગભગ મોટા ભાગની કલમોના ઉદાહરણો સાથે આ કોલમમાં પ્રસ્તુત થઈ છે. થોડી કલમો સમજવાની બાકી છે. આજે વાચક વર્ગે તરફથી સમસ્યાના ઉકેલ માટે જાણવા પ્રયત્નો કર્યો છે, તો જોઈએ સમસ્યા કેવા પ્રકારની હોય છે. સોનલના લગ્ન આશીષ સાથે થયા. લગ્ન બાદ તેઓ જામનગર મુકામે સંયુક્ત કુટુંબમાં રહેતા હતા. સંયુક્ત કુટુંબમાં તેમના મોટા સાસુ, સાસુમા, કાકાજી, કાકીજી, દેયર એમ બધાં ભેગા રહેતા હતાં. સોનલના પતિ આશીષને વારસાઈ મિલકતોમાં દુકાનો, મકાનો વગેરે મળેલ. આશીષનો વેપાર ધંધો પણ સંયુક્ત કુટુંબમાં હતો. સોનલના લગ્ન થયા બાદ તેમના સાસરીયાના સભ્યો તરફથી કરીયાવર બાબતમાં ખૂબ જ ત્રાસ હતો. સોનલના સસરાએ બે લગ્ન કર્યા હતા અને તેની બંને પત્નીઓથી સંતાનો પણ થયેલ. સોનલના લગ્નની શરૂઆતથી જ આશીષનું ખૂબ જ વિચિત્ર વર્તન રહેતું હતું. આશીષ ખૂબ જ મોડો ઘરે આવતો અને બંને વચ્ચે પતિ-પત્ની તરીકેનો બહુ સંબંધ પણ રહેતો નહીં. આશીષ સોનલને કયાંય બહાર ફરવા પણ લઈ જતો નહીં. સોનલને લગ્ન સમયે તેમના પિતાશ્રીએ આપેલ રૂપિયા પણ આશીષે વાપરી નાખેલ. આશીષના માતૃષી પણ કારણ વગર ઝઘડા કરતાં. આશીષના ઉડાવ સ્વભાવને તેઓના માતુશ્રીએ જ પ્રોત્સાહન આપે. આશીષના ઉડાવ સ્વભાવ બાબતે સોનલે સમજાવતાં તો તેમને હડધૂત કરતાં. સોનલના અંગત ઘરેણાં અને કિંમતી ચીજવસ્તુઓ પણ આશીષના તથા તેમના ઘરના સભ્યોએ લઈ લીધેલ. આશીષ વારંવાર વેપાર-ધંધાના બહાના કરતો અને આશીષના તેમના દાદા-સસરા અને સસરાએ વસાવેલી મિલકતોને અને વેપારને પણ ગંભીરતાથી લેતો નહીં. આશીષના વિચિત્ર વર્તનના કારણે તેઓના કુટુંબના સભ્યો સાથે પણ આશીષને તથા તેના માતુશ્રીને ખટરાગ થતો રહેતો. લગ્નના થોડા સમય બાદ જ આશીષના ભાઈ રમેશના પણ લગ્ન થયેલ અને કોઈ અગમ્ય કારણસર તેઓ બધા ફલેટમાં રહેવા ગયેલ. સોનલના સાસુ એમ કહેતા કે આશીષના વર્તણુકને કારણે તેમના કાકાજી નારાજ હતા, તે દરમ્યાન સોનલ સાથે લગ્ન થયેલા. સોનલ ઉપર આશીષ તથા તેમના ઘરના સભ્યોનો અતીશય માનસિક ત્રાસ શરૂ થઈ ગયેલ. આશીષ તથા તેના માતુશ્રી પોત પોતાના માટે પૈસા વાપરતા અને સોનલને કોઈપણ જરૂરીયાત હોય તો તેમને તેમના માવતરેથી જ તે જરૂરીયાત પૂરી કરવાની રહેતી. સોનલને એમ કે દિવસો જતાં ધીમે ધીમે બધું સુધરી જશે. દિવસો જતાં સોનલને સારા દિવસો રહેલ. સોનલ ગર્ભવતી સ્થિતિમાં હતી ત્યારે પણ તેમને ખૂબ જ ત્રાસ આપતાં, નાની નાની વાતમાં કચકચ કરતાં અને કયાંય બહાર પણ લઈ જતાં નહીં અને અંગત જરૂરીયાતની કોઈ ચીજવસ્તુઓ પણ લઈ દેતા નહીં અને ગર્ભવતી સ્થિતિ દરમ્યાન જે આવશ્યક કાળજી અને ખોરાક જોઈએ તે પણ આપતાં નહીં. આશીષ ખૂબ મોડે સુધી બહાર ફરતો અને સવારે ખૂબ મોડો ઉઠતો. સોનલની ગર્ભવતી સ્થિતિ દરમ્યાન આશીષ તેમજ તેમના માતુશ્રીએ અતીશય માનસીક તેમજ શારીરિક ત્રાસ આપતા, જ્યારે જયારે સોનલના નણંદ આવતા ત્યારે પણ સતત કજીયા કરતાં અને સોનલને કાઢી મૂકવાની ધમકી આપતાં. બાબાનો જન્મ જામનગર મુકામે થયેલ. સોનલની ડિલેવરીનો બધો જ ખર્ચ તેમના પિતાશ્રીએ કરેલ. બાબાના જન્મ બાદ સવા મહીને જીયાણું કરીને સોનલને તેડી ગયેલ. સોનલના માતિ-પિતાને સારી રીતે રાખવાની ખાત્રી આપેલ પરંતુ દિકરાને તેડીને ગયા બાદ આશીષ કે તેમના ઘરના સભ્યોનું વર્તન સુધરેલ નહીં. બાબાની દવાના પૈસા પણ સોનલના પિયરપક્ષમાંથી મંગાવવી પડતી તેમ જ દિકરાની તમામ જરૂરીયાતની વ્યવસ્થા પણ જાતે કરવી પડતી. આશીષ વારંવાર અલગ અલગ પ્રકારનો વેપાર-ધંધા કરતે અને તેઓ શું કરે છે તેની સોનલને જણાવતો નહીં. આશીષ સોનલના કુટુંબના સભ્યો પાસેથી લાખો રૂપિયા આશીષે લઈ લીધેલ.

આશીષ સોનલને માર પણ મારી લેતો. સોનલને તથા બાળકને કોઈ ચીજવસ્તુઓ લાવી આપતો નહીં. સોનલના સાસુના બહેન પણ તેમને હેરાન કરતાં આશીષ બહારગામ જાય ત્યારે પણ આશીષની માતુશ્રી, બહેન વગેરે તેમને ખૂબ જ ત્રાસ આપતાં અને કામવાળાની જેમ રાખતાં. છેલ્લે આશીષે સોનલને પહેરેલ કપડે બાળક સાથે કાઢી મુકેલ અને એમ જણાવેલ છે કે તારાથી સારી મળી જશે. હાલ સોનલ તેમના માવતરે ઓસીયાળું જીવન જીવી રહી છે. સોનલનું તમામ સ્ત્રી-ધન તથા કરીયાવરનો બધો સામાન આશીષના કબજામાં છે. આશીષે સોનલને કાઢી મુક્યા પછી આશીષનો કયાં પતો મળતો નથી એટલે કે આશીષ ભાગતો ફરે છે.

સોનલે ભરણપોષણની અરજી પણ આશીષ વિરુદ્ધ દાખલ કરેલી છે. અરજીના કામે પણ આશીષ હાજર થતો નથી. હવે સોનલ ડોમેસ્ટીક વાયોલન્સ એકટ અંતર્ગત આશીષ અને તેમના ઘરના વિરુધ્ધ કાર્યવાહી કરવા માંગે છે.

આવી સોનલ જેવી અનેક બહેનોને પોતાનો પ્રશ્ન મુંઝવે છે. સોનલે ભરણપોષણની અરજી કરી છે પરંતુ તેનો ભરણપોષણની અરજીમાં આશીષ હાજર થતો નથી. આ બધી બાબત વચ્ચે સોનલ પોતાની મેળે પણ કામ કરવાનું વિચારી રહી છે. આમ જુઓ તો અનેક બહેનોએ પોતાની જાતે સક્ષમ થવાં અને પોતાનું તથા પોતાના બાળકનું ભરણ પોષણ કરવા તનતોડ મજૂરી પણ કરે છે. પતિ સામે ભરણપોષણની અરજી થાય પરંતુ પતિ બાગતો રહે તો શું કરવું?

પતિ ભાગતો ભાગતો ફરતો હોય પરંતુ પતિની સ્થાવર મિલકત એટલે કે રહેણાંકનું મકાન હોય તો પતિ સામે શું કાર્યવાહી થઈ શકે? ભરણપોષણની અરજી કર્યા બાદ પાછળથી ડોમેસ્ટીક વાયોઈન્સ એકટ અંતર્ગત ફરીયાદ થઈ શકે? અનેક બહેનોના મૂંઝવતા સવાલોના જવાબ સાથે મળીએ આવતે અંકે...